# India-Belarus Foreign Office Consultations

# ભારત-બેલારુસ વિદેશ કચેરીનાં પરામર્શો

03 ઓગસ્ટ, 2022

ભારત અને બેલારુસ વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શોનો સાતમો રાઉન્ડ 03 ઓગસ્ટ 2022 નાં રોજ નવી દિલ્હીમાં યોજવામાં આવ્યો હતો. ભારતીય પક્ષની આગેવાની સચિવ (પૂર્વ) શ્રી સંજય વર્મા દ્વારા કરવામાં આવી હતી અને બેલારુસ પક્ષની આગેવાની બેલારુસ ગણરાજ્યનાં પ્રથમ નાયબ વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન સર્ગેઈ અલેઈનિક દ્વારા કરવામાં આવી હતી.

વિદેશ કચેરીનાં પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, પ્રવાસન, શિક્ષણ અને રાજદ્વારી બાબતો સહિત દ્વિપક્ષીય સંબંધોનાં તમામ પાસાઓની સમીક્ષા કરી હતી. બન્ને પક્ષોએ પ્રાંતિય અને પારસ્પરિક હિતનાં વૈશ્વિક મુદ્દાઓ પર પણ દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું.

પરસ્પર સાનુકૂળ સમય પર પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**03 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.